Friday
07.04.2023
*Volume :7 * Issue No.248
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# હનુમાન જયંતીના પાવન અવસરે સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ

## પવિત્ર ગંગા નદીનું ગુણાત્મક શુદ્ધિકરણ, ભારતીય ભાષાનું સન્માન વધારવાનું કામ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં થયું











- કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં શીશ નમાવી સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ સાથે કષ્ટભંજનદેવની કૃપા હંમેશા વરસતી રહે તેવી કરી પ્રાર્થના
- સાળંગપુર સ્થિત કષ્ટભંજન દેવ મંદિરમાં નૂતન ભોજનાલયની તકતીનું અનાવરણ કરતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ

કમલમ્ ન્યુઝ,

સાળંગપુરમાં કષ્ટભંજન દેવ ભોજનલયના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગોપાળાનંદ સ્વામીના હસ્તે પ્રતિષ્ઠિત શ્રી સાળંગપુર ધામમાં આ ભવ્ય પ્રતિમાના લોકાર્પણ નિમિતે આજે ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો એ ગૌરવની વાત છે.તેમણે કહ્યું કે, કોઈપણ વ્યક્તિના જીવનમાં આવતા દુ:ખ દર્દ અને સંકટ આવે ત્યારે શ્રી કષ્ટભંજન દેવની યાદ આવે. જેનો વ્યક્તિગત અનુભવ મને પણ છે. શ્રી અમિત શાહે ઉમેર્યું કે, શ્રી ગોપાળાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની કરેલી આજીવન સેવાનું પુણ્ય આ હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠામાં મૂક્યું જેનો પ્રતાપ આપણે સહુ અનુભવી રહ્યા છીએ. દાદાના દર્શને આવતા તમામ ભાવિકોને સારી રીતે દર્શન થાય એટલું જ નહીં ભોજન પ્રસાદની ઉત્તમ સુવિધા મળે તેવી વિશાળ વ્યવસ્થા ધરાવતું કદાચ આ પહેલું તીર્થસ્થાન બન્યું છે. એમ તેમણે ઉમેર્યું હતું. ભારતીય જનતા પાર્ટીના સ્થાપના વિશે જણાવતા શ્રી શાહે જણાવ્યું કે, પૂર્વ વડાપ્રધાન શ્રી અટલજીબિહારી વાજપેયી અને શ્રી લાલકૃષ્ણ અડવાણીજીએ મુંબઈમાં ભારતીય જનતા પક્ષની સ્થાપના કરી હતી. દાદાના પ્રતાપે આજે ૧૬ રાજ્યો અને ૪૦૦થી વધુ બેઠકો સાથે કેન્દ્રમાં સરકાર છે. તેઓશ્રીએ ઉમેર્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતીય સંસ્કૃતિનો ધ્વજ વિશ્વભરમાં બુલંદ કરવાનું કામ થયું છે. ૫ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ શ્રી નરેન્દ્રભાઈની ઈચ્છાશક્તિથી ૩૭૦ની કલમ નાબૂદ થઈ. આ પગલાંથી ભારતના સામાન્ય નાગરિકોના મનમાં સંતોષ થયો. તેમણે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈના કાર્યકાળમાં ભારતીય સંસ્કૃતિના તીર્થસ્થાનોના જીર્ણોદ્ધારનું વિરાટ કાર્ય થયું. કેદારનાથ ધામ, શ્રી કાશી વિશ્વનાથ કોરિડોર, અંબાજીમાં ભવ્ય મંદિર, સોમનાથને સુવર્ણ જડિત કરવાનું કામ, પાવગઢમાં સદીઓ બાદ ધર્મ ધજા લહેરાવવાનું કામ સહિતના કાર્યો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ માટે હજારો સંતો અને વીર યોદ્ધાઓએ બલિદાન આપ્યું, શ્રી રામ મંદિરનું નિર્માણ એ તેમનું સૌથી મોટું સન્માન છે. એમ તેમણે ઉમેર્યું હતું. શ્રી અમિત શાહે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ દેશહિતમાં કઠોર નિર્ણય લઈને સારા પરિણામ લાવી બતાવ્યા છે. વિશ્વભરના લોકોને યોગના રસ્તે વાળવાનું કામ શ્રી નરેન્દ્રભાઈએ કર્યુ. દેશ અને દુનિયામાં સરદાર સાહેબને ખ્યાતિ અપાવતું સ્ટેચ્યુ ઓફ યુનિટી, પવિત્ર ગંગા નદીનું ગુણાત્મક શુદ્ધિકરણ જેવા કાર્યો આ ૯ વર્ષમાં થયા જેનો તમામ ભારતવાસીઓને આનંદ છે. આ ઉપરાંત વિદેશમાંથી ૩૬૦ પૌરાણિક મૂર્તિઓને નિજ મંદિરમાં પુનઃ સ્થાપવાનું કામ અને ભારતીય ભાષાઓને સન્માન અપાવવાનું કામ શ્રી નરેન્દ્રભાઈએ કર્યુ એમ તેમણે ઉમેર્યું હતું. કષ્ટભંજન દેવના સ્થાનકમાં ગોપાળાનંદ સ્વામીએ પુણ્યોથી સીંચેલી આ ભૂમિમાં ભવ્ય પ્રતિમાની સ્થાપના અને પ્રસાદ માટે ભોજનશાળાના સુંદર આયોજન બદલ શ્રી અમિત શાહે આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી, સર્વ સંતો અને હરિભક્તોને અભિનંદન પાઠવવાની સાથે તેઓશ્રીએ ઉપસ્થિત સહુને હનુમાન જયંતીની શુભકામનાઓ પાઠવી હતી. શ્રી અમિત શાહે હનુમાન જયંતીના પાવન પ્રસંગે બોટાદ જિલ્લાની મુલાકાત દરમિયાન સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં શીશ નમાવી સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ સાથે કષ્ટભંજનદેવની કૃપા હંમેશા વરસતી રહે તેવી પ્રાર્થના કરી હતી. ગૃહમંત્રીશ્રીએ સાળંગપુર સ્થિત કષ્ટભંજન દેવ મંદિરમાં કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમાની તકતીનું અનાવરણ કર્યું હતું. આ અવસરે વડતાલ સ્વામિનારાયણ મંદિરના પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશ પ્રસાદજી મહારાજ, વડતાલધામના ટેમ્પલ બોર્ડના હોદ્દેદારો પ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા), વડતાલધામ ટેમ્પલ બોર્ડ એવં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, શ્રી વિવેકસાગરજી સ્વામી, શ્રી વિષ્ણુ પ્રકાશદાસજીસ્વામી(અથાણાવાળા) સહિત સર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી કાળુભાઈ ડાભી, શ્રી ડી.કે.સ્વામી, શ્રી રમણલાલ વોરા, શ્રી કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ વિરાણી, જિલ્લા કલેકટરશ્રી ડૉ.જીન્સી રોય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદાનિયા સહિત જિલ્લાના પદાધિકારીશ્રીઓ - અધિકારીઓશ્રીઓ તેમજ સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતાં.



કમલમ્ ન્યુઝ,

ખંભાળીયા તા.૩ દેવભૂમિ દ્વારકા ખાતે ભગવાન શ્રી કૃષ્ણ તેમજ રૂક્ષ્મણીના વિવાહ સત્કાર સમારોહમાં પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભથાણ ચોક સ્થિત દ્વારકાધીશ ગૌ હોસ્પિટલ ગૌશાળા ની મુલાકાત લઈ ગાયોની સારવાર અર્થે શરૂ કરાયેલ સુવિધાઓની માહિતી મેળવી હતી. શ્રી દેવવ્રતજીને ગૌ હોસ્પિટલની માહિતી આપતા સંસ્થાના રામજીભાઈ મજીઠીયાએ ૨૯ જાન્યુઆરીના રોજ શરૂ કરાયેલ ગૌ હોસ્પિટલમાં અધ્યતન ઓપરેશન થિયેટર , આઈસીયુ, હાઈડ્રોલિક એમ્બ્યુલન્સ સહિતની સુવિધાઓની માહિતી પૂરી પાડી હતી. આ તકે ગૌ સંવર્ધન કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું હોવાનું શ્રી રામજીભાઈ જણાવ્યું હતું. રાજ્યપાલ શ્રીએ આ તકે તમામ વિભાગોની મુલાકાત લઈ તલસ્પર્શી માહિતી મેળવી ગાયોની સારવાર સુશ્રુષા કરતા રામજીભાઈને જણાવ્યું હતું કે આ ખૂબ જ પુણ્યનું કાર્ય છે. આ તકે રાજ્યપાલ શ્રી દેવવ્રતજીએ ગાય માતાનું પૂજન કરી તેમને હાર પહેરાવી ભાવપૂર્વક લાડુ આહાર આપ્યો હતો. રાજ્યપાલ શ્રીએ ટ્રસ્ટ સાથે સંકળાયેલા કર્મચારીઓ સાથે ફોટો સેશન અને તેઓની કામગીરીને બિરદાવી હતી.ગૌ હોસ્પિટલ ની મુલાકાત વેળાએ રાજ્યપાલ શ્રી સાથે કલેકટરશ્રી મુકેશ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી નીતેશ પાંડે, અધિક નિવાસી કલેકટર શ્રી ભુપેશ જોટાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સાબરકાંઠામાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે વાર્તાલાપ કર્યો

## પશુધન અને ખેતી એકબીજાના પૂરક છે. બંને સંકલિત હશે તો જ ખેડૂતોને યોગ્ય વળતર મળશે.: રાજ્યપાલશ્રી



કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લામાં આવેલી સાબર ડેરી ખાતે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો હતો, જેમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કૃષિકારો સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જિલ્લાના ખેડૂતો સાથે વાર્તાલાપ કરી ખેડૂતોના અનુભવોની વિગતો મેળવી હતી અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતોના મંતવ્યો સાંભળ્યા હતા. ખેડૂતોને માર્ગદર્શન આપતાં તેમણે જણાવ્યું કે પશુધન અને ખેતી એકબીજાના પૂરક છે. બંને સંકલિત હશે તો જ ખેડૂતોને યોગ્ય વળતર મળશે. અરવલ્લી અને સાબરકાંઠાના ખેડૂતો પશુપાલન ક્ષેત્રે માહિર છે. ગુજરાત સરકાર પશુ ધનને બચાવવા કાર્યરત છે. પશુને લાભકારી બનાવી ખેડૂતો લાભ મેળવી શકે છે. પશુઓની નશલ સુધારી તેને વધુમાં વધુ લાભકારી બનાવી શકાય છે. રાજ્યપાલશ્રીએ પશુપાલન અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહીં તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુકત બન્યા છે, જેની નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર વ્યાપક અસરો થતાં કેન્સર, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનું પ્રમાણ સમાજમાં વધ્યું છે. મનુષ્યની સાથે પશુઓમાં પણ કેન્સર જેવા રોગ જોવા મળે છે. કમોસમી વરસાદ, ગ્લોબલ વોર્મિંગનું કારણ પણ રાસાયણિક ખાતર છે. જળવાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહી, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે તેમ તેમણે ઉમેર્યુ હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેત પદ્ધતિથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં ઘટાડો થાય છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા વપરાશને પરીણામે જમીન બિનઉપજાઊ બની રહી છે. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહીં તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુકત બન્યા છે. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને ઓર્ગેનિક (જૈવિક) ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો ભેદ સમજાવ્યો. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીનમાં જીવાણું, અળસિયા અને મિત્ર જીવ અસંખ્ય સંખ્યામાં જોવા મળે છે. જેને કારણે જમીનના ઓર્ગેનિક કાર્બનમાં વધારો થાય છે અને જમીન ઉપજાઊ અને ફળદ્રુપ બને છે,એવું દ્રષ્ટાંતો સહિત રાજ્યપાલશ્રીએ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેયુ કે, ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા આગામી એક વર્ષમાં રાજ્યના તમામ તાલુકાઓમાં દસ ગામ દીઠ એક ક્લસ્ટર બનાવવામાં આવશે.જેમાંઆત્માનાઅધિકારીઓને પણ જોડવામાં આવશે. રાજ્યમાં મોટી સંખ્યામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્યભરમાં ૧,૫૦૦ જેટલા માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવામાં આવશે. જેઓ ગામડાઓમાં જઈને દેશી નસલની ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, જીવામૃત, ઘનજીવામૃત બનાવવા અંગે ખેડૂતોને તાલીમબદ્ધ કરશે. રાજ્યપાલશ્રીએ માનવતા અને જીવ કલ્યાણ માટે આરંભાયેલા પ્રાકૃતિક કૃષિ અભિયાનમાં સૌ ખેડૂતોને આધુનિક ટેકનોલોજીના વિનિયોગ સાથે જોડાઈ ધરતી માતા અને કૃષિપેદાશોને ઝેરમુક્ત બનાવવા હાકલ કરી હતી. ગુજરાત આજે તમામ ક્ષેત્રે આગળ વધી દેશને દિશા દર્શન કરી રહ્યું છે, તેમ જણાવતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાતને સમગ્ર દેશમાં રોલ મોડલ બનાવવામાં આવશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે શિરમોર બની દેશના ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટેનું પ્રેરક બનશે એવો વિશ્વાસ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો. પ્રાકૃતિક ખેતી પરિસંવાદ કાર્યક્રમમાં મંત્રીશ્રી ઉદ્યોગ અને જિલ્લા પ્રભારીમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યુ કે, રાજ્યપાલશ્રી પ્રાકૃતિક ખેતી અને ગૌપાલન અંગે લોકોને પ્રેરણા આપે છે. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે ધરતી માતાને અને આપણી જાતને બચાવવા માટે રાસાયણિક પદ્ધતિથી થતી ખેતી છોડવી પડશે. આ કાર્યક્રમ પૂર્વે માનનીય રાજયપાલ શ્રીએ સાબર ડેરી સ્થિત ગુજરાતનું ઈથનોવેટ યુનિટ પ્લાન્ટનું નિરીક્ષણ કરી ત્યાં ચાલતી પ્રક્રિયાની માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં સાબર ડેરી ઉત્પાદિત સાબર મધનું લોકાર્પણ કર્યુ હતું. સાથે જ આ કાર્યક્રમમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતોના ઉત્કર્ષ અને હિતાર્થ પ્રાકૃતિક કૃષિ અભિયાનમાં સહભાગીદારી કરવા પ્રયત્નશીલ છે તેવાં પ્રગતિશીલ ત્રણ ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી ઉદ્યોગ અને જિલ્લા પ્રભારીમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા શ્રી ભીખુસિંહજી પરમાર, સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા, જિલ્લા કલેકટર શ્રી એન.એન.દવે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, સાબર ડેરીના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, સાબર ડેરી નિયામક મંડળ, જિલ્લા ખેતીવાડી અધિકારી અને આત્મા પ્રોજેકટ નિયામકશ્રી વી.કે.પટેલ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

રાજ્યમાં ઉનાળાની ઋતુમાં હીટવેવ સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગરમીના સમયમાં ગરમ પવનના કારણે લાગતી લૂ થી બચવા શું કરવું અને શું ન કરવું તેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સૌપ્રથમ તો દરરોજ તાપમાનના ઘટાડા અને વધારા વિશે માહિતી મેળવવા માટે રેડિયો સાંભળો ટી.વી. જુઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાનપત્ર વાંચો અથવા હવામાન વિશેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી જોઈએ.ગરમીના સમયમાં શરીરમાંથી પાણીની માત્રા ઝડપથી ઘટી જતી હોવાથી તરસ ના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવું જોઈએ. વાઈ, હૃદય, કીડની કે યકૃત સંબંધી બિમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાનો હોય તેમણે તેમજ જેમના શરીરમાં થી પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી પીતા પહેલા ડોક્ટરની સલાહ લેવી જોઈએ. શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. વજન તેમજ રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરવનો આગ્રહ રાખવો જોઈએ.



કમલમ્ ન્યુઝ,રાવ વિજેન્દ્ર યાદવ

સર્વાંગી અને સમાવેશક વિકાસ તેમજ વૈશ્વિક સ્તરે માં ભારતીના પરમ વૈભવને અમર રાખવાના સંકલ્પ સાથે સ્થાપિત ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે આજે પંચમહાલ જિલ્લા ભાજપ કાર્યલય શ્રી કમલમ ખાતે પાર્ટીના ઝંડાનું ધ્વજારોહણ કરવામાં આવ્યું. આ પ્રસંગે આપણા સૌના આદર્શ નેતા, પ્રેરણાસ્ત્રોત અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી **Narendra Modi** સાહેબના સંભાષણને વર્ચ્યુઅલી નિહાળી.આ પ્રસંગે ગોધરા ના લોકલાડીલા ધારાસભ્ય શ્રી સી કે રાઉલજી, બીજેપી પ્રમુખ અશ્વીન ભાઈ તથા તમામ બીજેપી હોદેદારો હાજર રહ્યા હતા.બધા એ એક બીજા ને મોઢું મીઠું કરાવી ને ભારતીય જનતા પાર્ટી ના સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી

# આહવા ખાતે પ્રધાનમંત્રી આવાસ મંજૂરીના વર્ક ઓર્ડર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો

### ડાંગ જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર કટ્ટીબધ્ધ છે : નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ





કમલમ્ ન્યુઝ,

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત ડાંગ સ્વરાજ આશ્રમના ટીમ્બર હોલ ખાતે વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતીમા, પ્રધાનમંત્રી આવાસ યોજના ( ગ્રામીણ)ના વર્ષ ૨૦૨૨-૨૩ના લાભાર્થીઓને વર્ક ઓર્ડર વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આહવા તાલુકા કક્ષાના આ કાર્યક્રમમા શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, ગરીબ લાભાર્થીઓ માટે સરકાર સતત ચિંતીત છે, તેમ જણાવી આવાસ યોજના અંતર્ગત મળેલ રકમનો યોગ્ય દિશામા ઉપયોગ થાય તે માટે તમામ લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂપિયા ૧,૨૦,૦૦૦ ની સહાય મળવા પાત્ર છે. તે ઉપરાત મનરેગા યોજના દ્વારા શ્રમદાન પેટે રૂ. ૨૩,૦૪૦, બાથરૂમ બાંધકામ સહાય યોજના હેઠળ રૂ.૫૦૦૦, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયના બાંધકામ પેટે રૂ.૧૨,૦૦૦ તેમજ, જો સમય મર્યાદામા ૬ મહિનાની અંદર લાભાર્થી આવાસ પુર્ણ કરે તો પ્રોત્સાહન રૂપે, મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક યોજના અંતર્ગત બીજા રૂ.૨૦,૦૦૦ની સહાય મળવા પાત્ર થાય છે. આમ લાભાર્થીને કુલ અંકદરે રૂ.૧,૮૦,૦૪૦ની સહાય મળવા પાત્ર છે. ત્યારે આવાસ યોજના દ્વારા સરકારશ્રીની સહકારની ભાવના સમજી, આ યોજનાનો સંપુર્ણ લાભ લેવા શ્રી પટેલે લોકોને અનુરોધ કર્યો હતો. શ્રી પટેલે વધુમા જણાવ્યુ હતુ કે, સરકારશ્રી દ્વારા ડાંગ જિલ્લાને પ્રથમ પ્રાકૃતિક જિલ્લો જાહેર કરવામા આવ્યો છે. તેમજ વિજળી, પાણી, આરોગ્ય, ખેતી, શિક્ષણ તમામની વ્યવસ્થા કરી છે.

ડાંગ જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર કટ્ટીબધ્ધ છે. આવાસ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર જેટલી જ ગ્રાંન્ટ, ગ્રામ્ય વિસ્તારમા પણ આપવામા આવે તે માટે, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી છે. તેમ જણાવતા શ્રી મંગળભાઇ ગાવિત દ્વારા આવાસ માટે ફાળવવામા આવતી રકમનો ફક્ત આવાસ માટે જ ઉપયોગ થાય તે ઈચ્છનિય છે તેમ કહ્યું હતું. આવાસ ફાળવણી બાદ પોતાનુ આવાસ યોગ્ય સમય મર્યાદામા પરીપુર્ણ કરવા માટે ડાંગ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોરે પધાધિકારીઓ તેમજ લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો. આવાસ યોજના દ્વારા સરકાર લોકોના જિવનને ઉન્નતિ તરફ લઈ જવા માંગે છે તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષીએ પોતાના પ્રાંસગીક ઉધ્બોધનમા જણાવ્યુ હતુ. પ્રધાનમંત્રી આવાસ યોજનાના વર્ષ ૨૦૨૩-૨૪ના આહવા તાલુકાના ૨૦૫૧ લાભાર્થીઓના લક્ષ્યાંકમાંથી ૨૦૩૧ લાભાર્થીઓને પ્રથમ હપ્તાની રૂ.૩૦,૦૦૦ ની રાશી જમા કરી દેવામા આવી છે. જ્યારે સુબીર તાલુકાના ૯૬૪ લાભાર્થીઓ માંથી ૯૨૭ લાભાર્થીઓ, તેમજ વઘઇ તાલુકાના કુલ ૮૯૪ લાભાર્થીઓમાંથી ૮૭૨ લાભાર્થીઓનો પ્રથમ હપ્તો જમા કરી દેવામા આવ્યો છે. આ કાર્યક્રમમા આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી મધુભાઇ, શ્રીમતી નિલમબેન ચૌધરી, શ્રીમતી મયનાબેન બાગુલ, આહવા તાલુકા સદસ્ય શ્રી સુરેશભાઇ, શ્રી દિપકભાઇ, આહવા ગ્રામ પંચાયત સરપંચ શ્રી હરિચંદભાઇ તેમજ મોટી સંખ્યામા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેનાએ પ્રતિજ્ઞા મુક્તિ દિવસ ઉજવ્યો

કમલમ્ ન્યુઝ,

વિરપુર જલારામ સહિત સમગ્ર કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેનાએ વિર શિરોમણી મહારાણા પ્રતાપસિંહ જી ની પ્રતિમા પર પુષ્પ અર્પણ કરી ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેના દ્વારા પ્રતિજ્ઞા મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય વક્તા અને અધ્યક્ષ શ્રી દેવરાજ રાઠોડે જણાવ્યું હતું કે જ્યારે ચિત્તોડ પર મુઘલ સલતન હતી. ત્યારે ગાડલીયા લુહાર જ્ઞાતિએ ટેક લીધી હતી કે જ્યાં સુધી ચિત્તોડ સ્વતંત્ર નહીં થાય ત્યાં સુધી તેઓ ચિત્તોડની આઝાદી માટે સહકાર આપતા રહેશે અને તેઓએ જ્યાં સુધી ચિતોડ પાછું ના મેળવીએ ત્યાં સુધી પાંચ ટેક (શપથ) લીધી હતી કે ૧. અમે વસાહત કે જંગલમાં ક્યાંય કાયમી ઘર બાંધીશું નહીં, ૨. ખાટલા પર સૂઈશું નહીં, ૩. ચિત્તોડગઢના કિલ્લા પર ચઢીશું નહીં, ૪. દીવો પ્રગટાવીશું નહીં, ૫. પાણી સિચવા માટે નું દોરડું રાખીશું નહીં અને આ શપથને અનુસરીને, ગાડલીયા લુહાર જાતિએ મહારાણા પ્રતાપને ચિત્તોડ માટે આ ખમીરવંતી જાતિએ લડતા રાખ્યા અને પોતાના પ્રાણો ની આહુતિ અર્પી દીધી હતી. ૬ એપ્રિલ, ૧૯૫૫ના રોજ મેવાડ પ્રજા મંડળના નેતા માણિક્યાલાલ વર્માએ મેવાડમાં મહારાણા પ્રતાપસિંહ જી સાથે લડનારા ગાડલીયા લુહારો ની ૪૦૦ વર્ષ જૂની શપથ તોડવા માટે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુજીને પત્ર લખ્યો અને પછી વિચરતું જીવન જીવતા ગાડલીયા લુહારો ને રેડીયો પ્રસારણ ના માધ્યમથી સંદેશ મોકલ્યો. અને સમગ્ર ભારત દેશ ના ખુણે ખુણે થી ગાડલીયા લુહાર સમુદાયના ખુબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા . પછી તેમને સમજાવવા માં આવ્યું કે ભારત દેશ આઝાદ થઈ ચૂક્યો છે અને ચિતોડ પણ હવે સ્વતંત્ર છે તો હવે કઠોર પરિશ્રમ અને ટેક (શપથ) પરિપૂર્ણ થયો છે. હવે તમારું ચિત્તોડ પણ મુક્ત છે. નેહરુજી ઈચ્છતા હતા કે ગાડલીયા લુહારો નો કિલ્લા પર પ્રવેશ ખૂબ જ ભવ્ય હોવો જોઈએ. તેમણે પોતાનો કાર્યક્રમ નક્કી કરવા ઉપરાંત કિલ્લાના દરેક દરવાજે એક મુખ્યમંત્રી ને સ્વાગતમાં ઊભા રહેવાની સૂચના આપી હતી. સભામાં ખુબજ ભીડ હતી. નેહરુજીની સાથે રાજસ્થાનના સીએમ મોહનલાલ સુખડિયા સહિત તમામ અગ્રણી નેતાઓ અને મેવાડના મહારાણા ના સાશકો પણ હાજર હતા. દેશભરમાંથી આવેલા ઈતિહાસ કારોને આવકારવા ૮ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ આવ્યા હતા. પ્રતિજ્ઞા મુક્તિ દિવસ કાર્યક્રમના સંયોજક લાલભા પરમારે જણાવ્યું હતું કે સ્વતંત્રતા પ્રેમી અને માતૃભુમિ કાજે પોતાની સુખ સાહ્યબી તજીને પોતાની ટેક ખાતર ભટકતું જીવન ભોગવી રહેલા ગાડલીયા લુહાર જાતી આજે પણ વિકાસ થી વંચિત અને સમાજની મુખ્ય ધારા થી દુર છે. આ કાર્યક્રમમાં કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ ના યુવા આગેવાન ભુપત મેવસા ,માનસિંગ બારડ, વિજય ચૌહાણ ,કાનજી રાઠોડ , માનસિંગ સાંખલા, રાજુ બારડ,પ્રવિણ રાઠોડ ભેંસાણ, જગમાલ ડાભી, સહિત સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ડેસરમાં મત્સ્ય ઉછેર તળાવની લીધી મુલાકાત





### મત્સ્ય ઉછેરથી બશીર મહમદ મકરાણી વર્ષે રૂ.૩.૫૦ લાખની આવક મેળવે છે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

કૃષિ અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આજે વડોદરા જિલ્લાના ડેસર ખાતે મત્સ્ય ઉદ્યોગ ખાતાની યોજના હેઠળ મત્સ્ય ઉછેર માટે નવા તળાવ બાંધકામ અંતર્ગત બસીર મહમદ લાલમહમદ મકરાણીના તળાવની મુલાકાત લીધી હતી મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ લાભાર્થી સાથે સંવાદ સાધ્યો હતો. લાભાર્થીએ જણાવ્યું કે મેં મારી માલિકીની જમીનમાં ૦.૫૦ હેક્ટરમાં મત્સ્ય ઉછેર માટે તળાવ બનાવ્યું છે.આ તળાવ બનાવવા માટે મત્સ્યઉદ્યોગ ખાતા દ્વારા રૂ.૧.૪૯ લાખની નાણાંકીય સહાય આપવામાં આવી હતી. આ તળાવમાંથી અત્યાર સુધી અંદાજે પાંચ ટન જેટલું મત્સ્ય ઉત્પાદન મેળવવામાં આવ્યું છે.જેની આવક રૂ.૫.૫૦ લાખ જેટલી થઈ છે. અંદાજિત રૂ.બે લાખ જેટલો ખર્ચ થયો છે અને વાર્ષિક રૂપિયા સાડા ત્રણ લાખની ચોખ્ખી આવક થઈ છે. મંત્રીશ્રીની આ મુલાકાત વેળાએ મત્સ્યઉદ્યોગ ખાતાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર તરીકે પદભાર સંભાળતા શ્રી એસ. પી. ભગોરા

### શ્રી ભગોરાએ કચેરીના અધિકારીઓ સાથે પરિચયાત્મક બેઠક યોજી સરકારના વિવિધ પ્રોજેક્ટની માહિતી મેળવી



કમલમ્ ન્યુઝ,વડોદરા,

વડોદરા ખાતે આવેલી નગરપાલિકાઓની પ્રાદેશિક કચેરીમાં કમિશનર તરીકે ફરજ બજાવતા સુશ્રી પ્રશસ્તિ પારીકની બદલી થતાં તેમના સ્થાને નિયુક્તિ પામેલા શ્રી એસ. પી. ભગોરાએ વિધિવત્ત પદભાર સંભાળી લીધો છે અને તેની સાથે તેમણે કચેરીના અધિકારીઓ સાથે પરિચયાત્મક બેઠક યોજી સરકારના વિવિધ પ્રોજેક્ટની માહિતી મેળવી હતી. શ્રી એસ. પી. ભગોરાએ જણાવ્યું કે, પ્રાદેશિક નગરપાલિકાઓની કચેરી, વડોદરામાં ૬ જિલ્લાની ૨૬ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે અને નગરપાલિકા વિસ્તારોમાં રાજય સરકારની શહેરીજનો માટેની વિવિધ સરકારી યોજનાઓનો અસરકારક અમલ થાય તે માટે સતત કાર્યશીલ રહેશું. નગરપાલિકા વિસ્તારોમાં નાગરિકોની જનસુખાકારી અને જન સુવિધાઓમાં વધારો થાય તેવી પ્રતિબદ્ધતા વ્યકત કરતા શ્રી ભગોરાએ જણાવ્યું કે, તમામ નગરપાલિકાઓમાં મંજૂર થયેલા કામો ઝડપભેર પૂર્ણ થાય એટલું જ નહીં, નગરપાલિકાઓમાં જરૂરિયાત મુજબના નવા કામો મંજૂર કરાવી તેના અસરકારક અમલ માટે કાર્યવાહી કરવામાં આવશે. શ્રી ભગોરા દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના હિરાપૂર ગામના વતની છે. જેઓ ૨૦૧૩ની બેચના સનદી અધિકારી છે.



કમલમ્ ન્યુઝ,

વ્યારા જે. બી સ્કુલ ખાતે ભારતીય માનક બ્યુરો ની સુરત રિજિયોનલ ઓફિસ દ્વારા શાળાઓ માં બાળકોને સ્ટાન્ડર્ડ વસ્તુઓ જ વાપરવી જોઈએ તે બાબતે તાપી અને સુરત જિલ્લા ના રિશોર્શ પર્સન કેતન શાહ અને ડો. અનિલ સિંઘ વાંકલ કોલેજના પ્રાધ્યાપક તરીકે પણ ફરજ બજાવેછે. તેમનાં દ્વારા **isi** મારકો, **ISO certified** સંસ્થા,**bis** વિષે વિસ્તૃત જાણકારી આપી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સાથે સાથે બાળકોમાં વધુ જાગૃતતા લાવવા માટે એક નિબંધ સ્પર્ધા નું આયોજન કર્યું. જેમાં ૧૫૦ બાળકોએ ભાગ લીધો જેમાંથી સારા ચાર નિબંધો ને અલગ કરી તેવા બાળકોને રોકડ ઈનામ રૂપે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. બને મેહમાનોનું ફુલ થી શાળાના આચાર્ય નરેશ ગામીત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ આવનારા દિવસોમા શાળા ના ધોરણ -૧૧ ના બાળકોને પણ આ બાબતે જાગૃતતા લાવવા માટે કાર્યકર્મ હાથ ધરવામાં આવનાર છે. સાથે તાપી જિલ્લાની ૧૭ શાળાઓમા સ્ટાન્ડર્ડ કલબ ની રચનાઓ કરી ત્યાં પણ કાયક્રમ કરીશું

# કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સાવલી અને ડેસર તાલુકામાં જનસુવિધા અને વિકાસકાર્યોની સમીક્ષા કરી

### વિવિધ મુદ્દાઓ પર ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજી જાણકારી મેળવી





કમલમ્ ન્યુઝ,વડોદરા,

કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ આજે સાવલી અને ડેસર તાલુકાની એક દિવસીય મુલાકાતમાં વિવિધ સરકારી યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો અને જાત નિરીક્ષણ કર્યું હતું. સવારે સાવલી ખાતે સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપ્યા બાદ તેમણે જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ સાથે સાવલીના સરકીટ હાઉસ ખાતે તેમના વિભાગ સંબંધિત વિવિધ કામગીરીની સમીક્ષા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેમણે સાવલી અને ડેસર તાલુકાના ગામોની પણ રૂબરૂ મુલાકાત લઈ સરકારી યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમજ અહીંના વિવિધ કાર્યોનું નિરીક્ષણ કરી પરિસ્થિતિ નો ચિતાર મેળવ્યો હતો. સાવલી સ્થિત સરકીટ હાઉસ ખાતે મળેલી સમીક્ષા સહ સંકલનની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી, જિલ્લા માહિતી અધિકારીશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, મત્સ્યોદ્યોગના મદદનીશ નિયામકશ્રી, પશુપાલન અધિકારીશ્રી,બાગાયતઅધિકારીશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને મામલતદાર સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. મંત્રીશ્રીએ અધિકારીઓને જનહિતના કાર્યો અને લોકસેવા માટે હંમેશા તત્પરતા દાખવવા સૂચના આપી હતી. સમીક્ષા બેઠક બાદ મંત્રીશ્રીએ સાવલી ગામે ગૌશાળાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન સ્થાનિક મામલતદાર તથા જિલ્લા પશુપાલન અધિકારીશ્રી તેમની સાથે રહ્યા હતા. મંત્રીશ્રીએ અહીં અધિકારીઓ પાસેથી ગૌશાળા સંબંધિત જાણકારી મેળવી જાત નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ શ્રી રાઘવજી પટેલે પરથમપુરા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતના ખેતરની મુલાકાત લઈને અન્ય ખેડૂતોનો પણ ઉત્સાહ વધાર્યો હતો. અહીંથી મંત્રી શ્રી ડેસર સ્થિત નિર્માણાધીન તળાવની મુલાકાત લઈને લાભાર્થી સાથે વાતચીત કરી હતી. મદદનીશ નિયામક મત્સ્યોદ્યોગે મંત્રીશ્રીની સાથે રહી તળાવ સંબંધિત તેમજ અન્ય કામગીરીથી વાકેફ કર્યા હતા. ડેસરના વરસડા ગામની ગલીઓમાં મંત્રી શ્રી એક સામાન્ય નાગરિકની માફિક ફર્યા હતા. અહી તેમણે નિર્માણાધિન આંગણવાડીની મુલાકાત લીધી હતી. છેવાડાના માનવીનું હિત હૈયે વસતું હોય તેવી રાજય સરકારના મંત્રીશ્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલા અને નિર્માણની પ્રગતિ હેઠળના મકાનોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન શ્રી પટેલે કેટલાક લાભાર્થીઓ સાથે વાતચીત કરીને તેમનો પ્રતિભાવ પણ મેળવ્યો હતો. મંત્રીશ્રીએ અહીં પ્રગતિ હેઠળના અમૃત સરોવરની મુલાકાત લીધી હતી. વરસડા ગામે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નિર્માણાધીન સામૂહિક સોકપીટ અને સામૂહિક કંપોસ્ટ પીટની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત મંત્રીશ્રીએ ડેસર ગામે પાક સંગ્રહ સ્ટ્રક્ચર ગોડાઉનનું ઉદઘાટન કર્યું હતું. આ દરમિયાન જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મંત્રીશ્રી સાથે રહ્યા હતા અને જરૂરી જાણકારી આપી હતી. સાંજે શ્રી પટેલે ડેસર તાલુકાના વરસડા ગામે સામુદાયિક રોકાણ ભંડોળ (સી.આઈ.એફ) અપાયું હોય તેવા છ સ્વસહાય જૂથોનાં સભ્યો સાથે બેઠક યોજી હતી. અહીં તેમણે સભ્યો સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ તેમણે ગામના સરપંચ અને કેટલાક ગ્રામજનો સાથે ચર્ચા ગોષ્ઠી પણ કરી હતી.

# પારુલ યુનિવર્સિટીમાં 'વૈકલ્પિક વિવાદ નિરાકરણ દ્વારા ન્યાયની પહોંચ' વિષયક રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ



કમલમ્ ન્યુઝ,

સામાજિક સુધારા માટે કાર્યરત સંભવ ઈનીશીએટીવ અને યુએનેસીસીસીના સંયુક્ત ઉપક્રમે પારુલ યુનિવર્સિટીની લો ફેકલ્ટીના સહયોગથી 'વૈકલ્પિક વિવાદ નિરાકરણ દ્વારા ન્યાયની પહોંચ' વિષયક રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં ભારતની સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજ સી. કે. ઠક્કર, મુકુંદકમ શર્મા,ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના જજ વૈભવી નાણાવટીતથા ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયના નાયબ સચિવ ડૉ. અતુલ ત્યાગી,ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નાયબ સચિવ ડૉ. સહદેવ સિંહ ઉપસ્થિત રહ્યાં હતા. સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજ સી. કે. ઠક્કર દ્વારા મધ્યસ્થા પ્રક્રિયા દ્વારા કેવી રીતે ન્યાય મળી શકે તેમજ તેમના દ્વારા ભારતના બંધારણ દ્વારા નાગરિકોને જે હક આપવામાં આવ્યા છે તે અંગે જાણકારી આપી હતી. સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજ મુકુંદકમ શર્માએ ન્યાયતંત્ર માં મધ્યસ્થી પ્રક્રિયાનું શું મહત્વ છે તે વિશે માહિતી આપી બંધારણનાં આર્ટિકલ ૧૪ અને ૨૧ ની મહત્વતા વિશે પણ જણાવ્યું હતું. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના જસ્ટિસ વૈભવી નાણાવટીએ લોકઅદાલતનું મહત્ત્વ વિશે જણાવતા કહ્યું કે જે કેસો કોર્ટે માં પેન્ડિંગ હોય છે તે સમયે આ લોકઅદાલત મહત્વનું ઉપકરણ બને છે. તેમજ તેમણે મધ્યસ્થી પ્રક્રિયા વિશે માહિતી આપી હતી.આ કોન્ફરન્સમાં કોલેજના વિદ્યાર્થીઓ, શાળાના વિદ્યાર્થીઓ ખાસ કરીને સ્જી અને પારુલની લો ફેકલ્ટીના વિદ્યાર્થીઓ, વકીલો, પોલીસ અધિકારીઓ અને નાગરિકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંભવ ઈનીસેટિવનાં ફાઉન્ડર હિરાંશી શાહ તથા **UNACCC Gujarat state chairman &** જિલ્લાઆયુર્વેદિક ઓફિસર ડૉ.સુધીર જોશીદ્વારા કરવામા આવ્યુ હતું.

